રીલાયન્સ પરિવાર તથા શ્રી નથવાણી પરિવાર દ્વારા નોંધાવવામાં આવેલ (૫૩) સુવર્ણ કળશની પૂજા આજરોજ રીલાયન્સ ગ્રુપ પ્રેસીડેન્ટ, કોર્પોરેટ અફેર્સ અને ઉપાધ્યક્ષ દ્વારિકા દેવસ્થાન સમિતિ શ્રી ધનરાજભાઈ નથવાણી એ કળશ પૂજા કરી અને (૫૩) કળશ મંદિર પર ચઢાવવામાં આવ્યા હતા.

રાજ્યમાં કોરોનાના કેસમાં દિવસેને દિવસે ઘટાડો : ૮૫૦ કેસ

રાજ્યમાં કોરોનાથી કુલ ૭ લોકોનાં મૃત્યુ થયા : અત્યાર સુધીમાં કુલ ૯૪૩૭૧૦૫ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૨૨૭૧૨૮ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા

ગાંધીનગર,તા.૨૭

રાજ્યમાં કોરોનાની સ્થિતી દિવસેને દિવસે ગંભીર થતી જાય છે. ધીરે ધીરે હવે કોરોનાનો આંકડો ૧૪૦૦ ને પાર પહોંચ્યો હતો. જો કે હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો હોય તે પ્રકારે આંકડા ઘટી રહ્યા હતા અને એક સમયે કેસ ૧૦૦૦ની નીચે જતા રહ્યા હતા. જો કે દિવાળી સમયે અચાનક કેસોની સંખ્યામાં ઉછાળો જોવા મળ્યો હતો.

રાત્રી કર્ફ્યૂ બાદ સ્થિતી ધીરે ધીરે થાળે પડી રહી હોય તેમ આંકડા ધીરે ધીરે ઘટવા લાગ્યા છે. લાંબા સમય બાદ સતત કોરોનાના કેસનો આંકડો ૧૦૦૦ ની નીચે આવ્યો છે. આજે રાજ્યમાં નવા ૮૫૦ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૯૨૦ નવા દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૨,૨૭,૧૨૮ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૩.૯૧ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે.

આજે રાજ્યમાં કુલ ૫૩,૦૭૫ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે રાજ્યની વસ્તી અનુસાર પ્રતિ દિવસ ૮૧૬.૫૪ પ્રતિ મીલીયન થાય છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૯૪,૩૭,૧૦૫ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫,૦૧,૧૬૯ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૫,૦૧,૦૫૫ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જ્યારે ૧૧૪ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઈન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે.

જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૦,૪૩૫ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૬૩ છે. જ્યારે ૧૦,૩૭૨ લોકો સ્ટેબલ છે. ૨,૨૭,૧૨૮ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૪૨૮૨ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૦૭ લોકોનાં મોત નિપજ્યાં છે. જે પૈકી અમદાવાદ કોર્પોરેશનના ૦૪, સુરત કોર્પોરેશનમાં ૦૨ અને વડોદરાનાં ૦૧ દર્દી સહિત કુલ ૦૭ દર્દીઓનાં કોરોનાને કારણે મોત નિપજ્યાં છે.

આમિર ખાન પરિવાર સાથે સિંહ દર્શન માટે પહોંચ્યા : ગીર સેન્ચ્યુરીમાં ચાહકોની ભીડ

આમિર ખાન પોતાના પરિવાર સાથે વહેલી સવારે પ્રથમ ટ્રીપમાં કાઠિયાવાડી વાનગીઓનો પણ સ્વાદ માણ્યો

ગાંધીનગર, તા. ૨૭

શનિવારે પોરબંદર એરપોર્ટ પર આમિર ખાન અને તેનો પરિવાર ચાર્ટર ફ્લાઈટ દ્વારા પહોંચ્યો હતો. આજે રવિવારે, આમિર ખાન પોતાના પરિવાર સાથે વહેલી સવારે પ્રથમ ટ્રીપમાં ગીર સેન્ચ્યૂરીમાં સિંહ દર્શન કરવા ગયા છે. જ્યાં આમિર ખાનને જોવા માટે મોટી સંખ્યામાં તેના ચાહકો એકઠા થયા હતા.

આમિર ખાન લગ્નની ૧૫મી વર્ષગાંઠની ઉજવણી કરવા પત્ની કિરણ રાવ અને સંતાનો સહિત સાસણ ફરવા આવ્યો છે. આમિર ખાન અને તેનો પરિવાર સાસણ ગીરમાં ફરવા માટે આવ્યો છે. ત્યારે આજે ૧૧ વાગ્યે આમિર ખાન અને તેનો પરિવાર પોરબંદર એરપોર્ટ પર આવી પહોંચ્યો હતો. હાલ આમિર ખાન અને તેનો

પરિવાર ગીર જંગલમાં ફરવા માટે રવાના થયો છે. આમિર ખાન તેની પત્ની કિરણ રાવ તેમજ પુત્ર આઝાદ, પુત્રી ઈરાખાન, એકટર ઈમરાનખાનની પુત્રી ઈમારા સહિત પરિવારજનો સાથે શનિવારે ખાસ ચાર્ટડ પ્લેન દ્વારા મુંબઈથી પોરબંદર આવી પહોંચ્યા હતાં.

૫૮ સભ્યોના આ ખાસ ચાર્ટડ પ્લેનમાં તેમના પરિવારજનો ઉપરાંત તેમનો સ્ટાફ પણ સાથે જોડાયો હતો. પોરબંદરના એરપોર્ટ ઉપર ૩૦ મિનિટનું રોકાણ કર્યા બાદ ૪ લકઝરીયસ કાર અને એક બસમાં આ કાફલો સાસણ જવા રવાના થયો હતો. પોરબંદરના એરપોર્ટ પર તેઓને નિહાળવા માટે મોટી સંખ્યામાં લોકો ભેગા થયા હતા. સોમવારે એટલે ૨૮મી ડીસેમ્બરના રોજ આમિર અને કિરણની ૧૫મી મેરેજ એનીવર્સરીની ઉજવણી નજીકના પરિવારજનો સાથે કરવાના છે. સાસણમાં આવેલા રિસોર્ટમાં તેઓ શનિવારે બપોરે પહોંચ્યા હતાં. તેઓએ કાઠીયાવાડી વાનગીઓનો પણ સ્વાદ માણ્યો હતો.

સ્થાનિક સ્વરાજ સંસ્થાની ચૂંટણીઓ ટૂંક સમયમાં યોજાવવાની છે. જેના પગલે રાજકીય ગતિવિધિઓ શરૂ થઈ ચુકી છે. ભાજપ જિલ્લા ચૂંટણી ઈન્ચાર્જ હર્ષદ પટેલની ઉપસ્થિતિમાં એસી.પી. રીસોર્ટ ખાતે એક મીટીંગ યોજવામાં આવી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 'મન કી બાત' કાર્યક્રમને સામૂહિક રીતે સાંભળવામાં આવ્યો હતો અને આગામી ચૂંટણી સંબંધી ચર્ચાઓ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મેયર રીટાબેન પટેલ સહિત જિલ્લાના પદાધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કોરોનાને પગલે આ વખતે નહિ યોજાય અમદાવાદમાં ફ્લાવર શો

અમદાવાદ,તા.૨૭

અમદાવાદના લાખ્ખો પ્રકૃતિ પ્રેમીઓ જેની આતુરતાપૂર્વક રાહ જોતા હોય છે તે ફ્લાવર શો આ વખતે નહીં યોજાય. દર વર્ષે જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં અમદાવાદમાં ફ્લાવર શો યોજાય છે. આ ફ્લાવર શોની સંખ્યાબંધ લોકો મુલાકાત લેતા હોય છે. પરંતુ આ વખતે કોરોના મહામારીને કારણે ફ્લાવર શો રદ કરવામાં આવ્યો છે.

કોરોના મહામારી સતત તેને કહેર બતાવ્યો છે. જેને કારણે અનેક કાર્યક્રમો રદ કર્યા છે. ત્યારે કોરોનાને ધ્યાનમાં લઈને એએમસી ગાર્ડન વિભાગ દ્વારા મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. જાન્યુઆરી મહિનાના પ્રથમ સપ્તાહમાં યોજાનાર ફ્લાવર શો રદ કરવામાં આવ્યો છે. આ ફ્લાવર શોનો દૂર-દૂરથી લોકો મુલાકાત લેવા આવતા હોય છે. પરંતુ લોકોની ભીડ થવાને લઈ કોરોના સંક્રમણ વધી શકે છે. આ કારણથી ફ્લાવર શો રદ કરવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે દર વર્ષે ફ્લાવર શો અલગ અલગ થીમ પર યોજવામાં આવે છે.

કોરોનાના કારણે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા યોજવામાં આવતો કાર્નિવલ રદ કર્યો હતો. ત્યારે કાર્નિવલ બાદ જાન્યુઆરીમાં યોજાતો ફ્લાવર-શો પણ રદ કર્યો છે.. કોર્પોરેશન દ્વારા દર વર્ષે જાન્યુઆરી માસમા રિવરફ્રન્ટ ખાતે ફ્લાવર શોનું આયોજન કરવામા આવે છે. વિવિધ પ્રકારના ફુલ છોડનું પ્રદર્શન યોજવામાં આવે છે. જેને જોવા લાખોની સંખ્યામા લોકો આવતા હોય છે.

ભરૂચમાં માસ્ક પહેર્યા વિના જ પોલીસકર્મીએ ફૂટની લારીઓ પર દંડાવાળી

ભરૂચ બાયપાસ રોડ પર પોલીસકર્મીએ માસ્ક પહેર્યા વિના જ ફૂટની લારીઓ પર દંડવાળી કરી હતી. માસ્ક સહિતના કાયદાનું પાલન કરાવવા નીકળેલી ભરૂચ બી ડિવિઝન પોલીસના જવાનો જ ગળામાં માસ્ક લટકાવીને કાર્યવાહી કરતા જોવા મળ્યા હતા. જેને પગલે વેપારીઓ અને સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો હતો. ભરૂચ બાયપાસ રોડ પર ફૂટની લારીઓ પર વેપારીઓને ભરૂચ બી ડિવિઝન પોલીસ માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સ સહિતના નિયમોનું પાલન કરાવવા માટે નીકળી હતી. પોલીસકર્મીઓ પોતે જ માસ્કના નિયમોની ઐસીતૈસી કરતા જોવા મળ્યા હતા. એક પોલીસકર્મીએ નાકથી નીચેના ભાગે ગળામાં માસ્ક પહેર્યું હતું. પોલીસકર્મીએ માસ્ક ન પહેરવા બાબતે ફૂટની લારીઓ પર દંડાવાળી કરી હતી.

૨૪ વર્ષથી ફરાર દાઉદના સાગરિતની ઝારખંડમાંથી ઝબ્બે

અબ્દુલ વર્ષ ૨૦૧૯થી ભારતમાં આવ્યો હતો, જમેદપુરમાં નકલી પાસપોર્ટ મોહમ્મદ કમાલના નામથી રહી રહ્યો હતો

અમદાવાદ,તા.૨૭

ગુજરાત એટીએસને ફરી એક મોટી સફળતા હાથ લાગી છે. છેલ્લા ૨૪ વર્ષથી ફરાર દાઉદના એક સાગરીતની ઝારખંડમાંથી ધરપકડ કરવામાં આવી છે. નોંધનીય છે કે, વર્ષ ૧૯૯૬માં મહેસાણામાંથી ૧૨પથી વધુ પિસ્તોલ , આરડીએક્સ અને ૭૫૦ જેટલા કાર્ટુસ મળી આવ્યા હતા. આમા મળેલી પિસ્તોલ પાકિસ્તાની બનાવટના હતા. ગુજરાત એટીએસની ગિરફતમાં આવેલો આરોપી અબ્દુલ માજિદ કુટ્ટી, ૨૪ વર્ષથી પોલીસને ચકમો આપી રહી રહયો હતો. આરોપી ઝરખાંડમાં વેશ બદલીને રહી રહયો હતો.

આ અંગેની માહિતી મળતા એટીએસે ઓપરેશન કરી ત્યાંથી તેની ધરપકડ કરી લીધી છે. આરોપીના ૩ સાગરીત અગાઉ પકડાઈ ચૂક્યા છે અને તેમને સજા પણ થઈ ચૂકી છે. આરોપી અબ્દુલ માજિદ મે ૨૦૧૯થી ભારતમાં આવ્યો હતો અને જમેદપુરમાં નકલી પસપોર્ટ મોહમ્મદ કમાલના નામથી રહી રહયો હતો. ઘટનાની વાત કરીએ તો, વર્ષ ૧૯૯૬ ડિસેમ્બરમાં મહેસાણામાંથી પાકિસ્તાની બનાવટની ૧૨પથી વધુ પિસ્તોલ અને ૭૫૦ જેટલા કાર્ટુસ સહિત અન્ય મુદ્દામાલ મળી આવ્યા હતા અને જે કેસમાં અબ્દુલ માઝિદ મુખ્ય આરોપી હતો. આ હથિયાર પાકિસ્તાનથી દાઉદના ઈશરે ભારતમાં મોકલવામાં આવ્યા હતા અને ૨૬ જાન્યુઆરી ૧૯૯૭માં મહારાષ્ટ્રમાં આતંકી કૃત્યને અંજામ આપવાનો હતો. જેતે સમય પોલીસ દ્વારા પ્રયત્ન કરવામાં આવેલ પરંતુ આરોપી પકડાયો ન હતો. કારણ કે તે દુબઈમાં હતો.આરોપી દાઉદનો ખાસ સાગરિત હોવાનું પણ સામે આવી રહ્યુ છે.

અબ્દુલ માઝિદ મૂળ મુંબઈનો રહેવાસી છે અને ૧૯૬૨માં તેનો જન્મ થયો હતો. આરોપી પિતાના અવસાન બાદ દુબઈ જતો રહ્યો હતો૧૯૭૮માં આરોપીના પિતાનું અવસાન બાદ તે દુબઈ જતો રહ્યો હતો અને ૧૯૮૪ સુધી ત્યાં રોકાયેલો હતો. ત્યાર બાદ તે પરત મુંબઈ આવ્યો અને મોહમ્મદ અલી રોડ પર પોતાની જમાતમાં જતો હતો અને ત્યાં તેની મુલાકાત અનિષ ઈબ્રાહિમ, દાઉદ, અબુ સાલેમ, મોહંમદ ડોશા, છોટા શકીલ, મુસ્તુફા ડોશા, ટાઈગર મેમણ સાથે થઈ હતી.અને તેમની સાથે સોનાનું સ્મગલિંગ અને કસ્ટમ ચોરીનું કામ કરવા લાગ્યો હતો.

એટીએસની તપાસમાં તેણે કબુલ કર્યું છે કે, ૧૯૯૬માં તે દુબઈમાં હતો ત્યારે અબુ સાલેમ તેને મળ્યો હતો અને ૨૬ જાન્યુઆરી ૧૯૯૭માં મુંબઈમાં ત્રાસવાદી કૃત્યને અંજામ આપવા એક્સપલોજીવ અને હથિયારની ડિલિવરી અજમેરથી કરવા જણાવ્યું હતુ અને અબ્દુલ માઝિદ કુટ્ટીએ પોતાના સાગરીત મોહમ્મદ ફઝલને આ કામ સોંપ્યું હતું. ગુજરાત પોલીસે હથિયાર પકડી પાડેલ તેની માહિતી અબ્દુલને મળતા તે દુબઈથી ભાગી થાઈલેન્ડ જતો રહ્યો અને ૧૯૯૯ સુધી નાનું મોટું કામ કરતો હતો. દુબઈમાં તેની મુલાકાત પોરબંદરના મમુમિયાં સાથે થઈ હતી. તેની સાથે સોનાનું સ્મગલિંગનું કામ કરવા લાગ્યો હતો. જેતે સમય તેની મુલાકાત જામશેદપુરના મોહમ્મદ ઈનામ અલી સાથે થઈ હતી અને તેને જામશેદપુરના સરનામાં પર ના મોહમ્મદ કમાલ નામનો નકલી પાસપોર્ટ બનાવી આપ્યો હતો. ત્યાર બાદ તે પાસપોર્ટ પરથી તે દુબઈથી મલેશિયા આવી ગયો અને કાપડનો વેપાર કરતો હતો. ૨૦૧૯માં તે ભારત આવી અને નવું કામ કરવા વિચારી રહ્યો હતો પરંતુ એટીએસના હાથે પકડાઈ ગયો. નોંધનીય છે કે, ૨૦૦૦ બાદ તે દાઉદને મળ્યો ન હોવાની વાત હાલ કરી રહયો છે ત્યારે એટીએસ હવે અલગ અલગ દિશામાં તપાસ કરી રહી છે અને ભારત પરત આવવા પાછળ અન્ય કોઈ ઈરાદો છે કે કેમ તેની પણ તપાસ કરી રહી છે.

વલસાડમાં હોલના ઉદ્ઘાટનમાં કોરોના ભુલાતા ભાજપના પ્રદેશ પ્રમુખ મંચ પર જ ન આવ્યા

ઉમરગામ,તા.૨૭

આદિજાતિ વિકાસ રમણ પાટકરની ઉપસ્થિતિમાં સાંસદ સી.આર.પાટીલના હસ્તે ઉમરગામ પાલિકામાં કુલ રૂ.૮૦૫.૮૪ લાખના ખર્ચને રસ્તા -પાણી અને ગટરના કાર્યોનું ખાતમુહૂર્ત/લોકાર્પણ કર્યુ હતું.જોકે, લોકાર્પણ બાદ મંચના કાર્યક્રમમાં ભાજપ પ્રમુખ હાજર રહ્યા ન હતાં. અકામારૂતિ સર્કલ પાસે આવેલ સરદાર વલ્લભભાઈ પટેલનું સ્ટેચ્યું રૂ.૧૪ લાખ,વારોલી નદી ઈન્ટેકવેલથી અકામારૂતિ થઈ વૉટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધી પાણીની પાઈપલાઈન નાંખવાનું કામ રૂ.૯૫.૭૦ લાખ, વોર્ડ નં.૪માં દરિયા કિનારે વોટર એટીએમ લગાવવાનું કામ રૂ.૨.૯૫ લાખ, સ્મશાન ભૂમિનો જીર્ણોધ્ધાર રૂ.૮.૩૪ લાખ જ્યારે ખાતમુહૂર્ત કરાયેલા કામોમાં નગરપાલિકા ભવનનું ભૂમિ પૂજન રૂ.૯૪.૭૯ લાખ, કપિલેશ્વર તળાવથી ગોપાળ બાગ થઈ દહેરી રોડ સુધી બોક્ષ ડ્રેઈન તથા ડામર રોડ બનાવવાનું કામ રૂ.૧૫૧.૨૬ લાખ,હરીધામ સોસાયટીના પાછળના ભાગથી ક્લબ સુધી બોક્ષ ડ્રેઈન બનાવવાનું કામ રૂ.૨૩૨.૨૬ લાખ તેમજ યશોધામથી ગુલશન નગર સુધી ડામર રોડ,ડિવાઈડર તથા પ્રીકાસ્ટ ડ્રેઈન બનાવવાનું કામ રૂ.૨૦૬.૦૯ લાખનો સમાવેશ થાય છે.

સી.આર.પાટીલે જણાવ્યુ હતું કે, વિવિધ વિસ્તારોમાં સ્થાપિત મહાપુરુષોની પ્રતિમા થકી આવનારી પેઢીને પ્રેરણા મળે છે. આ પ્રસંગે ઉમરગામ પાલિકા પ્રમુખ રામશબદ સિંહે સ્વાગત પ્રવચનમાં સૌને આવકારી પાલિકા વિસ્તારમાં થઈ રહેલા કાર્યોની રૂપરેખા આપી હતી. કાર્યક્રમમાં સાંસદ ડૉ. કે.સી.પાટેલ,ધારાસભ્યો કનુભાઈ દેસાઈ, અરવિંદ પટેલ, ચીફ ઓફિસર વિપુલ પરમાર, ઉપપ્રમુખ જાગૃતિબેન, જિલ્લા ભાજપ હેમંત કંસારા, ઉમરગામ તાલુકા પ્રમુખ મુકેશ પટેલ, પ્રકાશ પટેલ, રામદાસ વરઠા,પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ મણિલાલ પટેલ,મહેશ ભટ્ટ,સમિતિ ચેરમેન, પાલિકા સભ્યો હાજર રહ્યા હતા. સોળસુંબામાં હોલના ઉદ્ઘાટન બાદ ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ જાહેર કાર્યક્રમમાં હાજર રહ્યા ન હતાં. જાહેર કાર્યક્રમમાં લોકોની ભીડ વધતા કોરોના ગાઈડલાઈન નિયમનું પાલન ન થતાં વિવેક બુદ્ધિ વાપરી તેઓ નિકળી ગયા હતાં.

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિ દ્વારા યોજાયેલ

ઓનલાઈન ભજન સ્પર્ધામાં ડાકોરના કે. બી. શાહની જીત

કમિશ્નર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ગાંધીનગર દ્વારા પ્રેરિત પ્રાંત યુવા વિકાસ અધિકારી અને જિલ્લા રમતગમત કચેરી, આણંદના સંયુક્ત ઉપક્રમે ગાયન, સુગમ સંગીત, લગ્નગીત, શાસ્ત્રીય સંગીત, ભજન, લોકગીત વગેરે સ્પર્ધાઓ મોબાઈલ ટુ સ્પોર્ટસ યોજના હેઠળ યોજાઈ હતી. યોજના અંતર્ગત ઓનલાઈન વીડિયો કલીપ દ્વારા તા. ૧૨ થી ૧૮ ડિસે. સુધીમાં વિવિધ યોજાઈ હતી. જેમાં ભજન સ્પર્ધામાં મૂળ ડાકોરના અને હાલ આણંદના બાકરોલ ખાતે રહેતા કે.બી.શાહે ગયેલ ભજન ×જેને આ જગમાં પ્રભુ તારો સહારો ન મળે એની નૈયા ને કોઈ કાળે કિનારો ન મળે'ને પ્રથમ ક્રમાંક પ્રાપ્ત થયો છે. આ સ્પર્ધામાં તેઓને જિલ્લાકક્ષાએ રૂ. ૧ હજારનું ઈનામ પ્રાપ્ત થયું છે. રાજયકક્ષાની ભજન સ્પર્ધા માટે કચેરી દ્વારા તેઓના નામની ભલામણ કરવામાં આવી છે.

ગરવી ગુજરાતના મહિલા મોરચાની રચના

ગરવી ગુજરાત ગાંધીનગર જિલ્લાની કારોબારીની મીટીંગ તાજેતરમાં યોજવામાં આવી હતી. જેમાં મહિલા મોરચાની રચના કરવામાં આવી છે. ગરવી ગુજરાત ગાંધીનગર જિલ્લા મહિલા મોરચાના પ્રમુખ તરીકે અંજનાબેન રાઠોડ, ઉપ્રમુખ તરીકે અમિતાબેન કે. પટેલ, મહામંત્રી તરીકે ઋષિકાબેન ચક્રવર્તી અને મીડિયાસેલ કન્વીનર તરીકે પ્રજ્ઞાબેન પંડયાની વરણી કરવામાં આવી છે.

મંત્ર અપનાવીએ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

વિશ્વસ્તરીય હોય. તેમણે સ્ટાર્ટઅપને પણ આગળ વધારવાની વાત કરી. મોદીએ કહ્યું કે દરેક નવા વર્ષમાં દેશવાસીઓ કોઈને કોઈ સંકલ્પ લેતા હોય છે અને આ વખતે ભારતમાં બનેલા ઉત્પાદકોનો ઉપયોગ કરવાનો સંકલ્પ છે. તેમણે કહ્યું, હું દેશવાસીઓને આગ્રહ કરું છું કે દિવસ દરમિયાન ઉપયોગમાં લેવાતી વસ્તુઓનું લિસ્ટ તૈયાર કરો. તે દરેક વસ્તુઓ પર નજર કરો કે અજાણતામાં કઈ વિદેશી વસ્તુઓએ તમારા જીવનમાં પ્રવેશ કરી લીધો છે તથા એક પ્રકારે આપણને કેદ કરી લીધા છે. ભારતમાં બનેલા તેના વિકલ્પની તપાસ કરીને નક્કી કરો કે આગળથી ભારતમાં બનેલી, ભારતના લોકોના પરસેવાથી બનેલા ઉત્પાદનોનો અમે ઉપયોગ કરીશું. વડાપ્રધાન મોદીએ દેશની યુવાશક્તિ પર વિશ્વાસ વ્યક્ત કરતા કહ્યું કે, હું ભારતના યુવાનોને જોઉં છું તો પોતાને આનંદિત અને આશ્વસ્ત અનુભવું છું. એવું એટલા માટે કે દેશના યુવાનોમાં કેન ડુની વિચારસરણી છે અને વીલ ડુનું જુનૂન છે. એટલા તેમના માટે કોઈ પડકાર મોટો નથી. મન કી બાતમાં મોદીએ કહ્યું, ભારતમાં ૨૦૧૪થી ૨૦૧૮ વચ્ચે દીપડાની સંખ્યા ૬૦% વધી છે. ૨૦૧૪માં દેશમાં દીપડાની સંખ્યા લગભગ ૭,૯૦૦ હતી જે ૨૦૧૯માં વધીને ૧૨,૮૫૨ થઈ ગઈ છે.

વાતચીત કરશે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

આ ચિઠ્ઠીમાં પણ સરકારે પાછલી બેઠકોના તથ્યોને છીપાવીને જનતાને ગુમરાહ કરવાનો પ્રયત્ન કર્યો છે. અમે દરેક વાતચીતમાં હંમેશા ત્રણ કેન્દ્રીય કૃષિ કાનૂનોને રદ કરવાની માંગણી કરી છે. સરકારે તેને તોડી-મરોડીને રજુ કર્યું છે. તમે તમારી ચિઠ્ઠીમાં કહો છો કે સરકાર કિસાનોની વાતને આદરપૂર્વક સાંભળવા માંગે છે. તમે સાચે જ આમ ઈચ્છો છો તો સૌથી પહેલા વાતચીતમાં અમે કયા મુદ્દા ઉઠાવ્યા હતા, તેના વિશે ખોટા નિવેદનો ના કરો અને આખા સરકારી તંત્રનો ઉપયોગ કરીને ખેડૂતો સામે દુષ્પ્રચાર બંધ કરો.

મહામારી નથી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

દઈએ છીએ અને જ્યારે આ ખત્મ થઈ જાય છે તો આપણે એ ભૂલી જઈએ છીએ કે આગળની મહામારીને રોકવા માટે આપણે કંઈ કરતા નથી. આ ખતરનાક રીતે ખૂબ જ નાની વિચારસરણી છે અને સ્પષ્ટપણે સમજવામાં કઠિન છે. કોરોના વાયરસના થોડાંક મહિના પહેલા સપ્ટેમ્બર ૨૦૧૯માં આવેલ હેલ્થ ઈમરજન્સી પર વૈશ્વિક તૈયારી દેખરેખ રિપોર્ટમાં કહ્યું હતું કે આ ધરતી વિનાશકારી મહામારી માટે ખૂબ જ અફસોસજનક રીતે તૈયાર છે.

ટેડ્રોસે કહ્યું કે ઈતિહાસ આપણને બતાવે છે છેલ્લી મહામારી હશે નહીં અને મહામારી જીવનનું એક સત્ય છે. મહામારી બતાવે છે કે મનુષ્ય, પ્રાણીઓ અને ધરતીના સ્વાસ્થ્યની વચ્ચે ઉંડો સંબંધ છે. હું ચીફે કહ્યું કે વ્યક્તિના સ્વાસ્થ્યને સુધારવાનો કોઈ પણ પ્રયાસ ત્યાં સુધી નકામો છે જ્યાં સુધી કે વ્યક્તિ અને પ્રાણીની વચ્ચે મહત્વપૂર્ણ ઈંટરફેસને ઉકેલવામાં ના આવે. સાથ જળવાયુ પરિવર્તનની જગ્યાએ આપણા અસ્તિત્વ પર ખતરો ઉભો થયો છે. આ આપણી પૃથ્વીને ઓછી રહેવા યોગ્ય બનાવી રહ્યું છે.

અધ્યક્ષ બન્યા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

સિંહ પહેલા યૂપી કેડરમાં આઈએએસ ઓફિસર હતા અને નીતીશ સરકારમાં પ્રિન્સિપલ સેક્રેટરી રહી ચુક્યા છે. ૬૨ વર્ષીય આરસીપી સિંહે વે અવધિયા કુર્મી જાતિમાંથી આવે છે. નીતીશના જિલ્લા નાલંદાના મુસ્તફાપુરના રહેવાસી છે. સિવિલ સર્વિસ દરમિયાન સિંહ સરકારમાં ઘણા મહત્વના પદ પર કામ કરી ચુક્યા છે. તેમને નીતીશ કુમારના ખાસ માનવામાં આવે છે. બિહારમાં નીતીશ સરકારની સાથે તે પ્રિન્સિપલ સેક્રેટરીના રૂપમાં જોડાયા. પછી રાજનીતિમાં આવ્યા અને હવે જેડીયૂના રાષ્ટ્રીય અધ્યક્ષ બની ગયા છે.

પ્રથમ બજેટ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

વિચારણા ચાલે છે પરંતુ સરકાર આ સેવાઓ સોંપવામાં ઉતાવળ કરશે નહિ.

મનપાનું વહીવટીતંત્ર અધિકારીઓની મંજૂર થયેલ જગ્યાઓ પણ ખાલી હોવાથી હજુ પુરી લક્ષ્યતા કે સમર્થતા પ્રાપ્ત કરી શકેલ નથી તેમજ જે નવા ગ્રામ્ય વિસ્તારો સમાવવામાં આવ્યા છે ત્યાં કેટલી ઝોનલ કચેરીઓ શરૂ કરવી અને કેટલા કર્મચારીઓની જરૂરિયાત રહેશે તેને માટે પણ તંત્ર કવાયત કરી રહ્યું છે એટલે બજેટ ખાદ્ય વાળુ રહેશે તે વાત નિશ્ચિત મનાઈ રહી છે.

શહેરમાં વિકાસના કામો કેટલા થશે તેને લઈ પણ અસમંજસતા પ્રવર્તી રહી છે. સરકાર દ્વારા આગામી દિવસોમાં કરકસરના આકરા પગલાં લેવામાં આવે તેવા સંકેતો સચિવાલયમાંથી મળી રહ્યા છે ત્યારે તંત્ર માટે મોટો પડકાર ઉભો થયો છે.

તંત્ર એ તો હાલ વ્હીકલ ટેક્ષ, મિલ્કતવેરો, વ્યવસાય વેરો કેટલો વસુલાયો અને કેટલી વધુ આવક થશે તેના અંદાજો માંડવાની પ્રાથમિક કવાયત ધરી છે. જાન્યુઆરીના અંત સુધીમાં બજેટનો પ્રાથમિક મુસદ્દો તૈયાર કરવાનું લક્ષ્ય હાલ રાખવામાં આવ્યું છે. બીજુ બે મહિના પછી જ સામાન્ય ચૂંટણી હોવાથી બજેટ ચૂંટણી લક્ષી બનાવવાનો પડકાર પણ તંત્રની સામે રહેલો છે.